સ્વતંત્ર ભારતની નારીશક્તિની ગૌરવગાથા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India

Dudhsagar The Pride of India

અંક - ૦૩ । સપ્ટેમ્બર - ૨૦૨૧

www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## સ્વાદ સુગંધ અને સંસ્કારથી છલોછલ

# આપણી દૂધસાગર




## આપ દૂધસાગર પરિવાર સાથે છો તો આપ સુરક્ષિત છો આ વિશ્વાસ અકબંધ રહેવો જોઈએ : ચેરમેનશ્રી

(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

કોઈ દેશની સંસ્થાના વહિવટદારો જ્યારે માનવતા સભર દ્રષ્ટિકોણ અપનાવે છે ત્યારે એ સંસ્થા સાથે જોડાયેલા કર્મચારીઓની બિનહયાતીમાં પણ તેમના પરિવારજનો માટે સુરક્ષા અને સલામતીનું એક અદ્રશ્ય સુરક્ષા કવચ ઉભું થતું હોય છે. આ વર્ષે ૭૫ મા સ્વાતંત્ર પર્વની સવાર મહેસાણાની દૂધસાગર ડેરીના આંગણે વર્ષો પછી અનેક પરિવારો માટે સલામતીનો સૂર્યપ્રકાશ પાથરી ગયો. દૂધસાગરનો માનસિંહભાઈ પટેલ ઓડિટોરીયમ હોલ એક આંખમાં આંસુ તો બીજી આંખમાં હરખનો સાક્ષી બન્યો ! દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી અને મહેસાણાના સાંસદ શ્રીમતી. શારદાબેન પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી. જુગલ લોખંડવાલા તથા નિયામક મંડળના સભ્યો પૈકી શ્રી.એલ.કે. પટેલ, સરદારભાઈ ચૌધરી દિલીપભાઈ ચૌધરી, યોગેશભાઈ પટેલ, રમેશભાઈ દેસાઈ અને માણસાના ભૂતપુર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી તેમજ મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી. જશુભાઈ પટેલ, જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી. જે.એફ. ચૌધરી, ભગાજી ઠાકોર તથા દૂરડાના ડિરેક્ટર શ્રી.બળદેવભાઈ ચૌધરી મહેસાણા નગરપાલિકાના મહિલા પ્રમુખ શ્રીમતી. વર્ષાબેન પટેલ તથા ઉપપ્રમુખ શ્રી. કાનજીભાઈ દેસાઈ તેમજ શૈલેષભાઈ પટેલ, કૌશિક વ્યાસ અને મુકેશભાઈ પટેલ ગત ૧૫ ઓગષ્ટના રોજ માનવતા સભર ક્ષણોના સાક્ષી બન્યા હતા. દૂધસાગર ડેરીમાં ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામેલા કર્મચારીઓના સ્વજન ની ગેરહાજરીમાં પણ તેમના પરિવારજનો નો જીવનમાર્ગ સરળ બની શકે તેવા ઉમદા ભાવથી ૧૦ મહિલાઓ અને ૧૩ પુરુષોને દૂધસાગર ડેરીમાં નોકરીના એક સાથે ઓર્ડર આપવામાં આવ્યા ત્યારે દૂઆ, આશિર્વાદ અને પવિત્રતાનું અદભૂત વાતાવરણ ઉભું થવા પામ્યુ હતું. કોરોના મહામારી અથવા તો અન્ય કારણોસર મૃત્યુ પામેલા કર્મચારીઓના નોકરી પ્રાપ્ત સ્વજનો સાથે દૂધસાગર પત્રિકાએ જ્યારે ટેલિફોનીક વાતચીત કરી ત્યારે એ પરિવારજનોની સામાજિક જવાબદારીઓ સામે દૂધસાગરે આપેલ નોકરી અંધારામાં ટમ-ટમતા દિપક જેવો ઉજાસ પાથરશે તેવો વિશ્વાસ મૃતકના પરિવારજનોએ અમારી સમક્ષ વ્યક્ત કર્યો હતો.

(અનુસંધાન પેજ ૨ ઉપર નોકરી પ્રાપ્ત ઉમેદવારો સાથેનો વાર્તાલાપ)

ડેરીના વિકાસ માટે ૨ હજાર જેટલા કર્મચારીઓ ઉત્તમ ભાવનાથી કામ કરી રહ્યા છે. ત્યારે કોઈનું અવસાન થાય તો તે વ્યક્તિને આપણે પાછા તો લાવી શક્તા નથી પરંતુ, પરંપરા મુજબ સંઘ તેમના પરિવારના પડખે ઉભો રહ્યો છે. ત્યારે ૫ લાખ પશુપાલકો રાત દિવસ કાળી મજૂરી કરે છે. ત્યારે તેમના પરસેવાના પૈસાથી તમને પગાર મળે છે તે ધ્યાનમાં રાખી જે વિભાગ - ટેબલ મળે ત્યાં ઉત્તમ કામ કરજો

(અશોકભાઈ ચૌધરી)

## હવે દૂધસાગરની નોકરી એજ મારા ઘરનો આધાર છે



જેમના પિતા નરસિંહભાઈ સેનમા એ 30 વર્ષ આપણી દૂધસાગરમાં ફરજ નિભાવી હતી પરંતુ 3 વર્ષ અગાઉ હાર્ટ એટેકના પરિણામે જેમનું મૃત્યું થયું તેમના ૧૯ વર્ષીય પુત્ર ચિરાગ સાથે દૂધ સાગર પત્રિકાએ વાત કરી ત્યારે જાણવા મળ્યું કે; ચિરાગના ૫૦ વર્ષિય મમ્મી સીતા બેનને હાલમાં ફેફસાની તકલીફ છે. તેમને ચાર બહેનો છે. જેમાં જાગૃતિબેનના લગ્ન થઈ ચૂક્યા છે. ૨૬ વર્ષિય રેશ્માબેન, ૨૩ વર્ષિય નેહલબેન અને ૨૧ વર્ષિય ડિમ્પલબેનની જવાબદારી ચિરાગના માથે છે. આર્થિક અસુરક્ષાના કારણે બે બહેનો ભણવામાં હોશિયાર હોવા છતાં નોકરી કરવી જરૂરી હોઈ ભણતર બંધ કરી પ્રાઈવેટ જોબ કરે છે. ત્યારે ચિરાગે કહ્યું કે આ સંસ્થા અત્યારે તો અમારા માટે દેવદૂત બનીને આવી છે !!

## હાલ તો પાટણ ડેરીમાં કોન્ટ્રાક્ટ બેઝ પર નોકરી કરી ભરણ પોષણ ચલાવું છું : ગીતાબેન દેસાઈ



૪૩ વર્ષિય દૂધસાગરના કર્મચારી એવા સ્વ.વિષ્ણુભાઈ દેસાઈનું કેન્સરમાં અણધાર્યુ નિધન થતા તેમના ધર્મપત્ની ગીતાબેન દેસાઈના માથે જાણે આભ ફાટ્યું હોય તેવી પરિસ્થિતીનું નિર્માણ થયું. ૭૫ વર્ષના સસરા અને ૭૩ વર્ષના અશક્ત સાસુ સાથે ૧૦ વર્ષની દિકરી શ્રધ્ધા અને ૮ વર્ષના દિકરા સુમીરને ઉછેરવાની, ભણાવવાની તથા ૫ સભ્યોના પરિવારના ભરણ પોષણની જવાબદારી ગીતાબેનને માથે આવી હાલમાં પાટણ દૂધસાગર ડેરીમાં કોન્ટ્રાક્ટ બેઝ પર નોકરી કરતા ગીતાબેનને સંસ્થા તરફથી કાયમી નોકરી મળતાં તેઓ હવે પોતાના પરિવારને સુરક્ષીત રાખી શકશે તેવો વિશ્વાસ દૂધસાગર પત્રિકા પાસે વ્યક્ત કરે છે.

## કોરોનારૂપી રાક્ષસ ૨૪ વર્ષીય આરઝુબેન ઉપર કાળ બની ત્રાટક્યો



સુખી દાંપત્ય જીવનના હજી ૫ વર્ષ પણ પુરા ન થયા અને માત્ર ૨૪ વર્ષના આરઝુ બેન મોચી માટે હસતું રમતું જીવન ભરબપોરના તડકા જેવું કઠીન બની ગયું ! 3 મહિના અગાઉ કોરોનાના બીજા તબક્કામાં દૂધસાગરના કર્મચારી અને ધારૂહેડા ખાતે બોઈલર વિભાગમાં નોકરી કરતા મયુરભાઈ મોચી આ ફાની દુનિયાને અલવિદા કહી ગયા. વિસનગર ખાતે રહેતા આરઝુબેનને માત્ર 3 વર્ષની બેબી ક્રિષા અને માત્ર એક વર્ષનો બાબો અક્ષ છે. ૬૨ વર્ષના વૃધ્ધ સસરા દરજી કામ કરી ઘર ચલાવે છે ત્યારે આરઝુબેને દૂધસાગર પત્રિકાને જણાવ્યું કે ; પોતાના પતિના અવસાન સમયે દૂધસાગરના ચેરમેનશ્રી અશોકભાઈએ ફોન કરીને સમગ્ર દૂધસાગરનું નિયામક મંડળ તમારી સાથે છે અને કોઈ ચિંતા ન કરવાનું અને નોકરી આપવાનું આશ્વાસન આપી હૈયાધારણા પુરી પાડી હતી.

## લકવાગ્રસ્ત સાસુ અને ટ્યુમરની બિમારીથી પિડાતા સસરા સાથે ૨ બાળકોની જવાબદારી નિભાવું છુ : રેખાબેન બારોટ



દૂધસાગર ડેરીમાં ૧૫ વર્ષ સુધી જનરેટર ઓપરેટરની સેવા આપતા સંજયભાઈ બારોટ ડેરીના સામે જ રોડ ક્રોસ કરવા જતાં વાહનની ટક્કરથી મૃત્યુ પામ્યા ત્યારે તેમની પાછળ ૭૭ વર્ષીય પિતા કે જે ટ્યુમરની બિમારી ધરાવે છે અને ૭૨ વર્ષના માતા કે જે લકવાગ્રસ્ત છે. પત્ની રેખાબેન અને ૧૮ વર્ષની બેબી યશસ્વી તથા ૧૪ વર્ષીય બાબો દર્શાન્ત એકલા પડી ગયા. દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં રેખાબેન બારોટ જણાવે છે કે ડેરીના ચેરમેનશ્રી સાથે ની મુલાકાતમાં તેમણે મને નોકરી આપવાનું આશ્વાસન આપ્યું ત્યારથી જ પરિવારની ચિંતા ઓછી થઈ છે.



## માહી અને સ્મિત એજ મારું જીવન છે. દૂધસાગર તારો ખૂબ આભાર : રૂપાબેન પટેલ

દૂધસાગરના કડી શિતકેન્દ્ર ખાતે છેલ્લા ૧૩ વર્ષથી વોચમેનની નોકરી કરતા મહેન્દ્રભાઈ પટેલને દૂધના ટેન્કરની ટક્કર વાગતાં પોતાના કર્મક્ષેત્ર ઉપર જ તેમનું મૃત્યુ થતાં દૂધસાગર સાથે તેમનો પરિવાર પણ શોકગ્રસ્ત બની ગયો. તેમના ધર્મપત્ની રૂપાબેન મહેન્દ્રભાઈના અવસાન પછી પરિવારમાં એકલા પડી ગયા. રૂપાબેને દૂધસાગર પત્રિકા સાથે ટેલિફોન પર વાત કરતાં જણાવ્યું કે ; તેમના સાસુ સસરા આ દૂનિયામાં નથી અને મહેન્દ્રના જવાથી આ દૂનિયામાં તેમની નિશાની સ્વરૂપ ૧૫ વર્ષીય બેબી માહી અને ૧૩ વર્ષનો સ્મિત એજ એમની દૂનિયા છે. મારા બાળકોનું યોગ્ય રીતે ભરણ પોષણ કરી શકું તેમજ તેમને ઉચ્ચ શિક્ષણ આપી તેમના જીવનને સુરક્ષિત કરવું એજ એક માત્ર મારૂં લક્ષ છે. દૂધસાગરે મને નોકરી ઓફર કરી મારા આ જીવન યુધ્ધમાં મને આત્મબળ પુરું પાડ્યું છે. દૂધસાગર તારો ખુબ-ખુબ આભાર !!!

## દૂધસાગરે મને સામેથી નોકરી ઓફર કરી મારા પિયરની ભૂમિકા પુરી પાડી છે : આશાબેન ચૌધરી



મહેસાણા તાલુકાના ગઢા ગામના વતની આશાબેન ચૌધરીના પતિ મુકેશભાઈ ચૌધરી દૂધસાગરના પાવડર વિભાગમાં ફરજ બજાવતા હતા. લીવરની બિમારીના કારણે તેમનું મૃત્યુ થતાં આશાબેન માટે જીવનની આર્થિક સુરક્ષા એક તબક્કે હચમચી જવા પામી હતી. પરંતુ દૂધસાગરે પોતાની પરંપરાને નિભાવતાં નોકરીની પેશકશ કરી આશાબેનના ભવિષ્યને સુરક્ષીત બનાવવાનો એક નાનકડા પ્રયત્નને બિરદાવતાં ફોન ઉપર આશાબેને દૂધસાગર પત્રિકાને જણાવ્યું કે ; દૂધસાગર મારા માટે પિયરનો પરિવાર બની ગઈ છે.

## મને નોકરી આપી દૂધસાગર ડેરીએ સાચા અર્થમાં મારા પતિને શ્રધ્ધાંજલિ આપી છે : નિપુર્ણાબેન દવે



પોતાના પરિવાર સાથે માનેસર ખાતે દૂધસાગર ડેરીના સેલ્સ અને સ્ટોર્સ વિભાગમાં નોકરી કરતા ૪૫ વર્ષના અક્ષયભાઈ દવે છેલ્લા ૧૩ વર્ષથી દૂધસાગરને પોતાની સેવાઓ આપતા હતા. પરંતુ કોરોનાનું કાળચક્ર તેમનો પણ ભોગ લઈ ગયું. લાખો રૂપિયાની દવાઓ અને સારવારને અંતે પણ નિપુર્ણાબેનના તેમને બચાવવાના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા. ૧૬ વર્ષની દિકરી યશવી અને ૯ વર્ષના જૈમિનને એક ઉજ્જવળ ભવિષ્ય આપવા માટે નિપુર્ણાબેનને નોકરીની જરૂર હતી ત્યારે દૂધસાગરના મેનેજમેન્ટે તેમને નોકરી આપી સાચા અર્થમાં તેમના પતિને શ્રધ્ધાંજલિ આપ્યાનું દૂધસાગર પત્રિકાને જણાવ્યું છે.

## ત્રણ સભ્યોના પરિવારનું પોષણ હવે મીનાબેન ઠાકોરની જવાબદારી બની છે



વિતેલી કોરોના મહામારીએ અનેક પરિવારોના હસતા રમતાં પરિવારો ઉપર ગજગ્રાહ કરવામાં કોઈ કસર નથી છોડી! આપણી દૂધસાગર ડેરીમાં છેલ્લા ૧૬ વર્ષથી પાવડર પ્લાન્ટમાં નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ નિભાવતા દિલીપકુમાર ઠાકોરનું કોરોનાના કારણે ચાર માસ અગાઉ જ મૃત્યુ થતાં બે બાળકો અને પતિ-પત્નીના આ ચાર જણાનો સંસારનો માળો એકદમ-અચાનક હચમચી ગયો ત્યારે ૧૬ વર્ષની બેબી બંસરી અને ૧૩ વર્ષના હર્ષીલને ઉછેરવાની જવાબદારી હવે મીનાબેન ઠાકોર ના ભાગે આવી છે. મીનાબેન અમારી સાથે વાત કરતાં જણાવે છે કે ; આ છોકરાઓના પપ્પા તો હવે નથી રહ્યા પણ એમના કારણે દૂધસાગર અમારી થઈ તેથી દૂ:ખના આ દરિયાને પાર કરવામાં સરળતા રહેશે.

## બોઈલરમાં કામ કરતા રમેશભાઈ દેસાઈ ના પત્ની રમીલાબેન માટે દૂધસાગર હવે જીવન આધાર બનશે.






મૂળ ધિણોજના રહેવાસી રમેશભાઈ દેસાઈ મહેસાણાની દૂધસાગર ડેરી ખાતે બોઈલર વિભાગમાં નોકરી કરતા હતા. એક સાંજે નોકરીથી પરત આવતાં ઘરે જ તેમને હ્દયરોગનો હુમલો આવ્યો જેમાં તેઓ તેમની પાછળ એક પત્ની અને ત્રણ બાળકો મુકી ચાલ્યા ગયા. તેમની ૪૦ વર્ષીય પત્ની રમીલાબેન દેસાઈએ દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં જણાવ્યું કે; તેમની મોટી દિકરી દિપીકા ભણવામાં ખૂબ હોશિયાર છે. જે અત્યારે B.H.M.S કરી રહી છે. બીજી દિકરી અવની પણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરી રહી છે. બન્ને દિકરીઓ ભણવામાં ખૂબ તેજસ્વી હોવા છતાં હવે તેમનો મોંઘો ખર્ચ કરવાની મારામાં શક્તિ રહી નોહતી. નાનો દિકરો વિસત ધોરણ ૧૦ માં અભ્યાસ કરે છે. ત્યારે દૂધ સાગરના પ્રતાપે તેઓ હવે તેમના પપ્પાનું સ્વપ્ન પુરુ કરી શકશે.

દૂધસાગરના નવનિયુક્ત ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને સમસ્ત નિયામક મંડળની ઉદાર ભાવનાથી દૂધસાગરના મૃતક કર્મચારીઓના સીધી લીટીના વારસદારોને ગત ૧૫ ઓગષ્ટ (સ્વાતંત્રદિન) ના રોજ નોકરી ના ઓર્ડર આપી સાચા અર્થમાં દૂધસાગર પ્રશાસને ૨૩ પરિવારોના ઘરોમાં આઝાદીનો દિપક પ્રજ્જવલિત કયો છે ! ઓર્ડર આપવાના કાર્યક્રમ દરમ્યાન એક ખૂણામાં બેસી વેદનાને વાંચવાની મથામણ કરતાં દૂધસાગર પત્રિકા ના સભ્યો જોઈ શક્યા કે : સુખ અને દુઃખ ના મિશ્રીત ભાવ કેવા હોય છે? એક તરફ પોતાના સ્વજનને ગુમાવ્યાની પારાવાર વેદના તો બીજી તરફ એજ સ્વજનના સંતાનોને ઉજ્જવળ ભવિષ્ય આપવાની ઈચ્છા ... જીવન અને મૃત્યુ એ જીવનના ભાગ છે તે આપણે જાણીએ છીએ પરંતુ આ ફિલોસોફી બોલવામાં જેટલી સરળ દેખાય છે તેટલી સહન કરવામાં અઘરી પડે છે ! દૂધસાગરના આ મૃતક પરિવાર જનોના સમગ્ર દુઃખ તો આ સંસારમાં કોઈ લઈ શકે તેમ નહીં હોય પરંતુ , વ્યવહારથી ચાલતી આ દુનિયામાં આર્થિક ઉપાર્જન પણ એટલું જ મહત્વનું બની ગયું છે ત્યારે આપણા જ દૂધસાગર પરિવારના મૃતક સભ્યોના પરિવારજનો ને દૂધસાગરમાં માનવતાના દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખી વહીવટદારોએ એક અર્થમાં દૂધસાગર જેવા સોનામાં સુગંધ ભરવા જેટલી મહત્વની કામગીરી કરી છે. દૂધસાગર પત્રિકાની ટેલિફોનીક વાતચીતમાં અમોએ નોકરી પ્રાપ્ત ૨૩ ઉમેદવારો સાથે સીધો વાર્તાલાપ કર્યો. જગ્યાનો અભાવ હોવાથી દરેક પરિવારજનો ના પ્રતિભાવ અહીં મુકવા શક્ય ન હોવાથી અમારા વાંચકો અમને ક્ષમ્ય કરશે તેવો વિશ્વાસ છે. પરંતુ ધર્મ-અધ્યાત્મ-પૂણ્ય-ફરજ-જવાબદારી આ બધા જ શબ્દોનું અનુકરણ કરવાનો ઉદ્દેશ એક માત્ર પરમકૃપાળુ પરમાત્માને રાજી રાખવાનો થતો હોય તો આ વિધવા બહેનો, આ નાના બાળકોની માતાઓ, આ વૃધ્ધ સાસુ-સસરાની ઘડપણની લાકડીઓ અને નાની ઉંમરમાં પિતાની છત્રછાયા ગુમાવી ચુકેલ બાળકોના મૌન વાંચતા અમે ગત ૧૫ ઓગષ્ટના રોજ દૂધસાગરના માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલ ઓડિટોરીયમ હોલમાં ઈશ્વરને રૂબરૂમાં રાજી થતાં જોયો !!! (આલેખન : મહેશ ડી. ચૌધરી)

# ઉત્સવ અમૃત મહોત્સવ આઝાદીનો : સપનાં સમૃધ્ધિના ...

# રાષ્ટ્રધ્વજને સાગર સેલ્યૂટ





(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

ગત ૧૫ જાન્યુઆરી અને ૭૫ મા સ્વાતંત્ર દિન નિમિત્તે સહકારી ક્ષેત્રમાં ઉત્તર ગુજરાતનું નામ વિશ્વમાં ગૂંજતું અને ગાજતું કરનાર દૂધસાગર ડેરીના આંગણે સ્વાતંત્રદિન ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. દૂધસાગરના ચેરમેનશ્રી સહિત નિયામક મંડળના સભ્યો એવા કનુભાઈ ચૌધરી, સરદારભાઈ ચૌધરી, એલ.કે. પટેલ, બળદેવભાઈ, રમેશભાઈ દેસાઈ સાથે દૂધસાગર ડેરીના MD અને દૂધસાગરના ઉચ્ચ અધિકારીઓ સહિત કર્મચારીગણ અને MIDFT ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દૂધસાગરના વડા શ્રી અશોકભાઈ ચૌધરીને ડેરીના સિક્યુરીટીના જવાનો દ્વારા "ગાર્ડસ ઓફ ઓનર" આપવામાં આવ્યું હતું. ડેરીના ફેક્ટરી વિભાગના પ્રાંગણમાં



ઉદ્બોધનમાં આઝાદીના લડવૈયાઓને યાદ કરી વર્તમાન સમયમાં ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રમોદી ના નેતૃત્વ હેઠળ ભારત દેશની વિકાસયાત્રા

રાષ્ટ્રધ્વજને સલામી આપ્યા બાદ, અવિરત રીતે આગળ વધી રહી

**આઝાદીના ૭૫ વર્ષના પ્રવેશ સમયે આપણે સક્ષમ દૂધસાગરનો સંકલ્પ લઈએ છીએ**

ચેરમેનશ્રીએ પોતાના પ્રાસંગિક હોવાનો ઉલ્લેખ કરી દૂધસાગર ડેરી એક સંસ્થા ના રૂપમાં પોતાના કર્તવ્યનું શત પ્રતિશત પાલન કરી દેશના વિકાસમાં યોગદાન આપી ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણીકરવાના પ્રધાનમંત્રીના સ્વપ્નને પૂર્ણ કરવા પશુપાલકોને દૂધના વધુમાં વધુ ભાવ આપી શકે તે માટે સંસ્થા ને સક્ષમ દૂધસાગર બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. અત્રે, ઉલ્લેખનીય છે કે ... આજના આ રાષ્ટ્રીય તહેવાર નિમિત્તે દૂધસાગર પ્રશાસન સંચાલતિ MIDFT કોલેજના વિદ્યાર્થીઓએ "ફીટ ઈન્ડિયા રન ફોર ઈન્ડિયા" અંગે જનજાગૃતિ ફેલાવવા એક દોડનું આયોજન કરાયું હતું.

## હરિયાળી ક્રાંતિ માટે દૂધસાગરનું અમૂલ ગ્રીન એવોર્ડથી સન્માન

(અહેવાલ: દૂધસાગર પત્રિકા)




મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) પ્રશાસન ના માર્ગદર્શન હેઠળ ગત વર્ષે ૨.૫૪ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. શ્વેત ક્રાંતિ સાથે રરિયાળી ક્રાંતિ ઊભી કરવાના સંસ્થા ના ઉમદા કાર્ય ને બિરદાવતાં ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. (અમૂલ) દ્વારા એક પ્રશસ્તિ પત્ર તથા અમૂલ ગ્રીન નામે શિલ્ડ એનાયત કરવામાં આવ્યો છે !!

## અમૂલ | સાગર ની જુગલબંધી

## ફેડરેશનના MD ની સાગર મુલાકાત

(અહેવાલ : દૂધસાગર પત્રિકા)




તાજેતરમાં અમૂલ ફેડરેશન ના મેનેજીંગ ડાયટેકટર શ્રી.આર.એસ. સોઢી મહેસાણાની દૂધસાગર ડેરીની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેઓએ સમગ્ર દિવસ આપણા ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી તથા દૂધસાગર ડેરીના એમ.ડી શ્રી.ધિરજકુમાર ચૌધરી સાથે વિતાવી દૂધસાગર ના પ્રોડક્શન વિભાગ ની મુલાકાત લીધી હતી. જગુદન પાડા કેન્દ્ર ખાતે સોઢીજી એ સેક્સ સિમેન સ્ટેશનની મુલાકાત લઈ સમગ્ર બીજદાન પધ્ધતિને ઝીણવટ પૂર્વક જાણી હતી. આ દરમ્યાન આપણી ડેરીના આવનાર પાંચ વર્ષની જરૂરીયાતોની રૂપરેખા ઘડવામાં આવી હતી.

## દૂધસાગરમાં નવચેતનાનો સંચાર થયો

### લાંબા સમયગાળા બાદ મોતીભાઈ ફાઉન્ડેશનની મીટીંગ મળી



એક સંસ્થામાં જ્યારે નવચેતનાનો સંચાર થાય છે ત્યારે જૂની હકારાત્મક બાબતો પણ જીવંત થતી હોય છે. રક્ષાબંધન અને તા.૨૨ ઓગષ્ટ (રવિવાર) ના રોજ દૂધસાગર ડેરીના સંવર્ધક અને વર્ષો સુધી ચેરમેન પદને શોભાવી દૂધસાગરની વિકાસ ગાથા લખનાર શ્રધ્ધેય સ્વ.શ્રી.મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી ના નામ સાથે જોડાયેલ અને ભૂગર્ભ જળ રિચાર્જ કરી પાણીના તળ ઉપર લાવવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી મોતીભાઈ ર. ચૌધરી ફાઉન્ડેશનની ટ્રસ્ટી મંડળની મીટીંગ ઘણા વર્ષો બાદ દૂધસાગર ડેરી ખાતે યોજાઈ હતી. જેમાં, દૂધસાગર ડેરીના વડા શ્રી. અશોકભાઈ ચૌધરીના આમંત્રણને માન આપી વર્ષો પછી સમગ્ર ગુજરાતી સાહિત્યના ગૌરવ સમાન અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા લેખક શ્રી.રઘુવીરભાઈ ચૌધરીની સાથે માલજીભાઈ દેસાઈ, હરીભાઈ ચૌધરી (શેઠ), હસમુખભાઈ પટેલ, શ્રધ્ધેય મોતીભાઈ ચૌધરીના સુપૂત્ર શ્રી.મોહનભાઈ અને ઈશ્વરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ઓળખો આપણી સંસ્થાને : ઓળખો આપણી સહયોગ® ને?

## ૨૦૨૧ ના વર્તમાન વર્ષમાં ૨૧ માં ચેરમેન તરીકે

# ફાલ્ગુનભાઈ ચૌધરીની બિનહરીફ વરણી



દૂધસાગરના નાનાથી લઈ મોટા કર્મચારીઓને નામથી- કામથી અને તેમના સુખ-દુઃખને નજીકથી સમજતા ફાલ્ગુન ચૌધરીને ભાવસભર શુભકામનાઓ પાઠવતા કર્મચારી પરિવારજનો

(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

દૂધસાગર ડેરીના કર્મચારીઓની શાખ અને પૂરવઠા સહકારી મંડળી (સહયોગ) ની સ્થાપના અનેક વિધ પ્રવૃત્તિઓ હોવા છતાં દૂધસાગર ડેરીના કર્મચારીઓના હિતને અગ્રિમ સ્થાન આપી ડેરીના પ્રણેતા માનસિંહભાઈ પટેલે કરી હતી અને આ અંગેનો વિચાર તેમણે કર્મચારીઓ સમક્ષ મૂકતાં કાન્તિભાઈ એમ. શાહ તથા અન્ય મિત્રોએ કામ હાથ ઉપર લીધું હતું. ૧૬/૧૧/૧૯૬૫ ના રોજ સે.૧૫.૩૫ નોંધણી નંબર હેઠળ સહકારી કાયદા મુજબ

> નાના મોટા સામાજિક પ્રસંગોમાં સહયોગનું ચવાણું અને પેંડા એક સામાજિક પરંપરા બની ગઈ છે.

આ સંસ્થા નોંધાઈ હતી. તે વખતે મંડળીમાં માત્ર ૯૮ સભાસદો નોંધાયા હતા. શેર ભંડોળ ૧૯૬૦/- રૂપિયાનું હતું અને પ્રથમ વર્ષે એટલે કે ૧૯૬૫/૬૬ માં સહયોગ મંડળીએ રૂપિયા ૨૧૧૧/- નફો કર્યો હતો. મંડળીના સ્થાપક પ્રમુખ મગનલાલ એન. દેસાઈ હતા.

સહયોગની ભૂતકાળની યાત્રાએ નિકળતાં "દૂધસાગર પત્રિકા" ને અનેક ભવ્ય વારસદારોની વાતો જાણવા મળી. ૧૯૬૬/૭૭ ના પ્રથમ ચેરમેન મગનલાલ એન. દેસાઈ, ૧૯૬૭/૬૮ થી ૧૯૭૦/૭૧ સુધી બીજા ચેરમેન બાબુભાઈ એન. શાહ, ૧૯૭૧/૭૨ માં ત્રીજા ચેરમેન જગદીશભાઈ એફ. ઠાકર ત્યારબાદ ગોરધનભાઈ વી. પટેલ અને ૧૯૭૩/૭૪ માં મૂળજીભાઈ એમ. ચૌધરી, અભેરાજભાઈ એફ. ચૌધરી ત્યારબાદ લક્ષ્મણભાઈ મોદી, માનસિંહભાઈ આર. ચૌધરી, વિહાજી હાલાજી મકવાણા, ૧૯૭૮ થી ૧૯૮૩ સુધી વિઠ્ઠલભાઈ સી. બારોટ, ત્યારબાદ મણીભાઈ બી. ચૌધરી, ૧૯૮૩/૮૪ માં હિરાભાઈ જી. ચૌધરી તે પછી જેસંગભાઈ ડી. ચૌધરી અને અનુક્રમે ગોવિંદભાઈ ચૌધરી, નારાયણભાઈ એસ. ચૌધરી, કેશરભાઈ વી.ચૌધરી, હિંમતભાઈ એન. ચૌધરી, બબાભાઈ ચૌધરી બાદ ૩૦/૦૭/૨૦૧૦ સુધી કેશરભાઈ વી. ચૌધરી રહ્યા અને ભરતભાઈ બી. ચૌધરી બાદ વર્તમાન સમયમાં સહયોગના ચેરમેન પદે શ્રી. ફાલ્ગુભાઈ ચૌધરીની સર્વાનુમતિથી ૨૧ માં પ્રમુખપદ માટે પસંદગી થવા પામી છે.

દૂધસાગર ડેરીના કર્મચારીઓની શાખ અને પૂરવઠા સહકારી મંડળી (સહયોગ) ની પાસે સભાસદોની સભ્ય સંખ્યા ૧૬૦૦ થી વધારે છે. આ મંડળી દ્વારા મહેસાણા શહેરની જનતા માટે દૂધ વિતરણની કામગીરી કરવામાં આવે છે. એક અંદાજ અનુસાર મહેસાણા શહેરમાં ૧,૫૭,૦૪,૮૪૦ લિટર દૂધનું વિતરણ કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા પ્રોવિજન સ્ટોર વિભાગ, સહયોગ મિલ્કબાર, કેન્ટિન, ગેસ વિભાગ, સભાસદ ધિરાણ અને થાપણોનો વિભાગ, સ્વૈચ્છિક રીકરીંગ બચત યોજના, ડેથ બેનીફિટ સ્કીમ અને સભાસદ સ્મૃતિ પ્રતિક વિતરીત કરવામાં આવે છે.

ઉત્તર ગુજરાતમાં સહયોગ બ્રાન્ડની મિઠાઈઓ લોકપ્રિય અને પોતાની સ્વાદ અને શુધ્ધતા માટે એક આગવી વિશ્વસનિયતા ધરાવે છે. સહયોગના પેંડા દેશના સિમાડાઓ વટાવી વિદેશની ધરતીમાં પણ પોતાનું સ્થાન અકબંધ કરી શક્યા છે. નાના મોટા સામાજિક પ્રસંગોમાં સહયોગનું ચવાણું અને પેંડા એક સામાજિક પરંપરા બની ગઈ છે. સહયોગ દ્વારા મંડળીના સભાસદો અને દૂધસાગરના કર્મચારીઓ તેમજ બહારથી આવતા મુલાકાતીઓ માટે જમવા, ચા-કોફી વગેરેની સુવિધાઓ માટે કેન્ટિન ચલાવવામાં આવે છે અને બજાર કરતાં સસ્તા દરે શુધ્ધ ભોજન આપવામાં આવે છે. સભાસદોના દુઃખદ અવસાન નિમિત્તે વારસદારોને મરણોત્તર સહાયરૂપે સભાસદ ફાળો તથા મંડળીફાળો એકત્ર કરી ડેથ બેનેફીટ સ્કીમ દ્વારા ચૂકવવામાં આવે છે.

૫૬ વર્ષથી દૂધસાગરના કર્મચારીઓની વાસ્તવમાં શાખ બનેલી

> ૫૬ વર્ષથી દૂધસાગરના કર્મચારીઓની વાસ્તવમાં શાખ બનેલી આ પૂરવઠા સહકારી મંડળી દૂધસાગર ડેરીની યશગાથામાં હંમેશા પોતાની કર્મચારીઓ પ્રત્યેની નિષ્ઠા અને વફાદારીને નિભાવતી આવી છે

આ પૂરવઠા સહકારી મંડળી દૂધસાગર ડેરીની યશગાથામાં હંમેશા પોતાની કર્મચારીઓ પ્રત્યેની નિષ્ઠા અને વફાદારીને નિભાવતી આવી છે ત્યારે ૨૧ મી સદીના આ ૨૦૨૧ ની સાલમાં વગર ચૂંટણીએ-વગર વાદવિવાદે અને સર્વાનુમતે શ્રી.ફાલ્ગુનભાઈ ચૌધરીની સાથે પસંદગી પામેલા તમામ સહયોગના હવેના સારથીઓને દૂધસાગર પત્રિકા શુભકામનાઓ પાઠવે છે અને સહયોગ નામ સ્વાદમાં, સુગંધમાં અને સંસ્કારોમાં અવલ્લ રહી દૂધસાગરની યશગાથા લખવામાં સહભાગી થાય તેવી અપેક્ષા પણ રાખે છે. ઉલ્લેખનીય છે કે સહયોગની વર્તમાન સમયની બિનહરીફ પેનલમાં શ્રી પરેશકુમાર કાંતિલાલ પટેલની વાઈસ ચેરમેન તરીકે નિમણૂક થવા પામી છે.

# 75 માં સ્વાતંત્ર્યદિને સહકાર માટે સરકારનું સંબોધન

## સહકારની ભાવના ભારતના સંસ્કારોમાં રહેલી છે

# સહકારથી સમૃધ્ધિ : સહકાર મંત્રાલયનો શુભારંભ

(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

ગત ૧૫ ઓગષ્ટના ૭૫ માં સ્વાતંત્ર્યદિને નિમિત્તે ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી.નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લાની પ્રાચી પરથી દેશને સંબોધન કરતાં ભારત દેશના સંસ્કારોમાં સદીઓથી સહકારની ભાવના સમાયેલી છે તેવો ઉલ્લેખ કરી ભારત સરકારના મંત્રાલયમાં "સહકારી મંત્રાલય" ની શરૂઆત એ સહકારથી સમૃધ્ધિ અને નારી શક્તિથી નૂતન ભારતના સર્જન માટેના ઉત્તમ વિચારો રજૂ કર્યા હતા.

ભારત દેશની અર્થવ્યવસ્થા કૃષિ અને પશુપાલન પર આધારિત છે. ખેતી અને પશુપાલન એક બીજાના પૂરક છે. ભારતમાં આશરે ૭૦% લોકો ગામડામાં વસે છે. જેઓ મહદ્અંશે ખેતી અને પશુપાલન કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ખેતી અને પશુપાલનનો ગ્રામીણ અર્થવ્યવસ્થામાં ઘણો જ મહત્વનો ફાળો રહેલો છે. ઘણા પરિવારોમાં પશુપાલનની આવક ખેતીની આવકની સરખામણીમાં ઘણી જ વધારે છે. ઘરકામની સાથે પશુપાલનનું કાર્ય કરી મહિલાઓ ઘરની આવકમાં વધારો કરી કુટુંબને સુખાકારી આપે છે. એક અહેવાલ પ્રમાણે પશુપાલનમાં આશરે ૬૦ થી ૭૦ ટકા કાર્ય મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે ચારાની કાપણી, ચારાને નીરવો, ખોરાક અન પાણી આપવું, પશુઓના રહેઠાણની સ્વચ્છતા તેમજ પશુઓની સફાઈ અને દૂધ દોહન તથા વેચાણનો સમાવેશ થાય છે.

પશુપાલન થકી મહિલાઓને ઘર ચલાવવામાં આર્થિક સહાય મળી રહે છે. ગામડાઓમાં બાળાઓને નાનપણથી જ પશુપાલન વ્યવસાયની તાલીમ મળે છે. આ બાળાઓ મોટી થઈને સાસરે જાય ત્યારે ત્યાં પશુપાલન થકી કુટુંબને સમૃધ્ધ બનાવવામાં મદદ કરે છે. આપણો દેશ વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં ટોચ પર છે. પરંતુ, જાનવરનું માથાદીઠ દૂધ ઉત્પાદન ઓછુ છે. તેથી જાનવરના માથાદીઠ દૂધ ઉત્પાદન તથા ગુણવત્તામાં સુધારાનો અવકાશ રહેલ છે. જો આવડત તથા સુજબુઝથી પશુપાલનનો વ્યવસાય કરવામાં આવે તો ઉત્પાદન વધારીને વધારાની આવક મેળવી ઘણો ફાયદો મેળવી શકાય તેવી અપાર સંભાવનાઓ આ પશુપાલનના વ્યવસાયમાં રહેલી છે. જો આપણા દેશની મહિલાઓ પશુપાલનમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવે તો પશુપાલનના વ્યવસાયમાં આમૂલ ક્રાંતિ લાવી શકાય તેમ છે.

ભારતની મોદી સરકાર ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી થાય તે માટે ચારેય દિશામાંથી સંભાવનાઓને ચકાસી રહી છે. ભારત સરકારના મંત્રાલયમાં "સહકાર મંત્રાલયનો" સમાવેશ કરવાનો એક ઉદ્દેશ પશુપાલનના વ્યવસાયને સહકારી ક્ષેત્રના માળખામાં વધુ મજબુત કરવાનો રહેલો છે. આપણા ગુજરાતના પનોતા પુત્ર શ્રી.અમીતભાઈ શાહ પ્રથમ વખત સ્વતંત્ર ભારતના સહકાર મંત્રાલયના મંત્રીના રૂપમાં કાર્યરત બન્યા છે ત્યારે ઉત્તર ગુજરાત ના વતની હોવાના નાતે દૂધ ઉત્પાદનનું હબ ગણાતું આપણું ઉત્તર ગુજરાત અનેક લાભો મેળવી શકે તેવી અપાર સંભાવનાઓનું સર્જન થયું છે.

**આપણા ગુજરાતના પનોતા પુત્ર શ્રી.અમીતભાઈ શાહ પ્રથમ વખત સ્વતંત્ર ભારતના સહકાર મંત્રાલયના મંત્રીના રૂપમાં કાર્યરત બન્યા છે ત્યારે ઉત્તર ગુજરાત ના વતની હોવાના નાતે દૂધ ઉત્પાદનનું હબ ગણાતું આપણું ઉત્તર ગુજરાત અનેક લાભો મેળવી શકે તેવી અપાર સંભાવનાઓનુ ંસર્જન થયું છે.**

સમગ્ર ગુજરાતમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ વ્યાપક પ્રમાણમાં વિકસી હોવાથી દૂધના વેચાણ કે વિતરણની સમસ્યાઓ રહી નથી. પશુપાલન થકી ગામડાઓની મહિલાઓના આર્થિક રીતે પગભર થાય તે સમયની માંગ છે. ડેરી ઉદ્યોગની સહાયથી ગ્રામીણ બેંકોના ખાતાઓમાં મહિલાઓના એકાઉન્ટની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાવા પામ્યો છે. એક સર્વે પ્રમાણે પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલી મહિલાઓ સ્વનિર્ભર અને આત્મનિર્ભર બની પોતાના પરિવાર તથા બાળકોના અભ્યાસમાં મદદરૂપ સાબિત થઈ રહી છે. ભારત સરકારના નૂતન સહકાર મંત્રાલય દ્વારા પશુપાલન સાથે સંકળાયેલી મહિલાઓને જો યોગ્ય વૈજ્ઞાનિક તાલીમ અપાય અને પશુ ખરીદી તથા તેના માટે ઉભા કરવા પડતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે તો દૂધસાગર ડેરી સાથે જોડાયેલા ઉત્તર ગુજરાતના ત્રણ જિલ્લાઓની મહિલા શક્તિ એક બીજી શ્વેત ક્રાંતિની જનક બની શકે તેવી ભરપૂર શક્યતાઓ જણાઈ રહી છે.

ઓછો અભ્યાસ કર્યો હોય? અથવા તો પશુપાલન એક શોખના રૂપમાં વ્યવસાયિક રીતે અપનાવવામાં આવે તો એક નાનકડા લઘુ ઉદ્યોગના રૂપમાં ભારે આવક મેળવી શકાય છે. પશુપાલનના વ્યવસાયમાં ઓછા રોકાણથી શરૂઆત, દેશી પશુઓનો નિભાવ ખર્ચ ઓછો આવે છે. ખેતીની આડપેદાશો, શેઢા પાળાનો ઘાસચારો સરળતાથી મળી રહે છે, મજૂરોની સતત જરૂરીયાત રહેતી નથી, પશુપાલન થકી મળતા દૂધની સ્થાનિક બજારોમાં માંગ રહે છે. દૂધમાંથી બનાવેલ વિવિધ ઉત્પાદનોની સારી કિંમત મળી રહે છે. પશુપાલન થકી દૂધની સાથે ખેતી માટે ફળદ્રુપ ખાતર તથા રસોડા માટે ઉપયોગી બાયોગેસ મળી રહે છે. જો આજનો પશુપાલક વિજ્ઞાનને સાથે લઈ પોતાની વંશ પરંપરાગત સુજબુજને સાકાર સ્વરૂપ આપે તો અમને વિશ્વાસ છે કે આત્મનિર્ભર ભારતના સ્વપ્નને પૂર્ણ કરવામાં સૌથી મોટી મદદ ભારતનું ગામડું, ગામડાની નારી શક્તિ અને પશુપાલનનો વ્યવસાય સરકારને મદદ કરી શકે તેમ છે.

ભારત સરકાર દ્વારા સહકારી ક્ષેત્રના માળખાને વધુ મજબૂત કરવા જે પ્રકારે "સહકાર મંત્રાલય" ની અલગ રચના કરવામાં આવી છે તેનાથી ગ્રામીણ ભારતનું અર્થતંત્ર વધુ વેગ પકડશે તેવું નિષ્ણાતો માની રહ્યા છે.

જો આવડત તથા સુજબુઝથી પશુપાલનનો વ્યવસાય કરવામાં આવે તો ઉત્પાદન વધારીને વધારાની આવક મેળવી ઘણો ફાયદો મેળવી શકાય તેવી અપાર સંભાવનાઓ આ પશુપાલનના વ્યવસાયમાં રહેલી છે.

ભારત સરકારના નૂતન સહકાર મંત્રાલય દ્વારા પશુપાલન સાથે સંકળાયેલી મહિલાઓને જો યોગ્ય વૈજ્ઞાનિક તાલીમ અપાય અને પશુ ખરીદી તથા તેના માટે ઉભા કરવા પડતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે તો દૂધસાગર ડેરી સાથે જોડાયેલા ઉત્તર ગુજરાતના ત્રણ જિલ્લાઓની મહિલા શક્તિ એક બીજી શ્વેત ક્રાંતિની જનક બની શકે તેવી ભરપૂર શક્યતાઓ જણાઈ રહી છે.

# નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર & રૂલર ડેવલોપમેન્ટ અને દૂધસાગર ડેરીની મુલાકાત નવા ભવિષ્યનું નિર્માણ કરશે







(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના વડા શ્રી.અશોકભાઈ ચૌધરીના આમંત્રણને માન આપી દાંતીવાડા તરફ પ્રવાસે નિકળેલા નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર & રૂલર ડેવલોપમેન્ટ (નાબાર્ડ) ના ચેરમેનશ્રી. જી.આર.ચિંતાલા, શ્રી.ડી.કે મિશ્રા (ચીફ જનરલ મેનેજર : નાબાર્ડ-ગુજરાત રિઝનલ ઓફિસ), શ્રી.દેવાશીષ પાઢી (ચીફ જનરલ મેનેજર : હેડ ઓફિસ), શ્રી. બી.કે સિંગલ (જનરલ મેનેજર : ગુજરાત), શ્રી.વિશાલ શર્મા (ડેપ્યુટી જનરલ મેનેજર : ગુજરાત), શ્રી. રાહુલ પાટીલ (ડિસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ ઓફિસર : મહેસાણા) અને સિનીયર ઓફિસર શ્રી.મહેસાણા ખાતે દૂધસાગર ડેરીની મુલાકાતે પહોંચ્યા હતા. આ દરમ્યાન તેઓએ આપણી દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી અને મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન શ્રી.વિનોદભાઈ પટેલ સાથે હળવાશની ક્ષણો વિતાવી દૂધસાગર ડેરી વિશે જાણકારી પ્રાપ્ત કરી હતી. આવનાર સમયમાં દૂધસાગર ડેરીના સર્વાંગી વિકાસ માટે નાબાર્ડ અને દૂધસાગર સાથે મળીને ગ્રામીણ ભારતના વિકાસમાં શું કામ કરી શકે? તે વિષય ઉપર ચર્ચા વિચારણા કરી આ દિશામાં આગળ વધવાનો બંને પક્ષે અવકાશ અને આવકાર વ્યક્ત કરવામાં આવ્યો છે. દૂધસાગરની વર્તમાન કામગિરીથી નાબાર્ડે સંતોષ વ્યક્ત કર્યો હતો.

## શંખેશ્વર તાલુકાના મનવરપુરા ગામે ૬૦ પશુપાલક મહિલાઓનો સેમિનાર યોજાયો



(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

શ્રી મનવરપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી તાલુકો શંખેશ્વર જીલ્લો પાટણમાં મહેસાણા જિલ્લા દૂધ સાગર ડેરી તથા ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા ઓયોજિત ધ્યેય નિર્ધારણ કાર્ય શાળા (વી.એમ.એસ.) જેમાં ૬૦ દૂધ ઉત્પાદકો એટલે કે પશુપાલકો અને

**વૈજ્ઞાનિક પધ્ધતિથી દૂધ ઉત્પાદન વધારવા અને મંડળીને સ્વચ્છ રાખી ઓછા ખર્ચમાં વધુ દૂધ મેળવવા નિષ્ણાંતોએ માર્ગદર્શન આપ્યું**

મહિલાઓનો કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં મહેસાણા દૂધ સાગર ડેરીમાંથી ડૉક્ટર N.D. પ્રજાપતિ શ્રી. હારીજ સી.એસ વિભાગીય અધિકારી તેમજ રમીલાબેન પટેલ તથા ભગવતીબેન પટેલ (આઈ.સી.ડી.) અને હારીજ સી.એસ. વિભાગમાંથી મંડળીના સોસાયટી સુપરવાઈઝર હાજર રહ્યા હતા. સદર કાર્યક્રમમાં મંડળીની સ્વચ્છતા અને વૈજ્ઞાનિક ઢબે ઓછા ખર્ચમાં વધુ દૂધ ઉત્પાદન કરવા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગ્રામ્ય કક્ષાએ દૂધસાગર ડેરી માથાદીઠ પશુઓના દૂધમાં વધારો થાય તથા ગુણવત્તાયુક્ત દૂધ પ્રાપ્ત થાય અને ઓછા ખર્ચમાં પશુપાલક વધુ આવક પ્રાપ્ત કરી શકે તે દિશામાં પશુપાલકો જાગૃત બને અને પશુપાલનના નવા વૈજ્ઞાનિક સંશોધનોનો સ્વીકાર કરી વધુમાં વધુ આ દિશામાં પ્રયત્નશીલ બને તે પ્રકારની રૂપરેખા ભવિષ્ય માટે તૈયાર કરવામાં આવી રહી છે. સ્વસ્થ પશુ-સ્વચ્છ રહેઠાણ અને સ્વચ્છ દૂધ પ્રાપ્ત થાય તે માટે ભવિષ્યમાં પણ દૂધસાગરના વિવિધ વિભાગોના અધિકારીઓ ગામડાઓમાં જઈ આ માટેની જનજાગૃતિ ઉભી કરવાના પ્રયત્નો હાથ ઉપર લેવાયા છે.

## સહયોગ® ના નવા સુકાનીઓ

| અ. નં. | કોડ નંબર | ૨૦૨૧ થી ૨૦૨૬ સુધીના નવનિયુક્ત વ્યવસ્થાપક કમિટીના સભ્યો | વિભાગ |
|---|---|---|---|
| ૧ | ૩૯૬૩ | શ્રી. ફાલ્ગુનભાઈ માનસિંહભાઈ ચૌધરી | સી.એસ. |
| ૨ | ૩૦૦૪ | શ્રી. સ્નેહલકુમાર રજનીકાન્ત સંઘવી | સેલ્સ |
| ૩ | ૩૮૫૬ | શ્રી. પારસકુમાર ભીખાભાઈ પટેલ | વેટરનરી |
| ૪ | ૩૪૦૯ | શ્રી. જગદીશકુમાર રણછોડભાઈ ચૌધરી | પ્રોસેસ |
| ૫ | ૩૪૪૩ | શ્રી. ડાહ્યાભાઈ બેચરભાઈ ચૌધરી | પાવડર |
| ૬ | ૪૯૬૧ | શ્રી. દિલીપસિંહ ભેરૂભા જાડેજા | એન્જી. એસ.સી.એમ. |
| ૭ | ૪૪૫૭ | શ્રી. દેવજીભાઈ ખોડાભાઈ ચૌધરી | લેબ |
| ૮ | ૩૫૭૦ | શ્રી. પરેશકુમાર કાન્તિલાલ પટેલ | એસ.સી.એમ |
| ૯ | ૪૫૬૧ | શ્રી. ભરતકુમાર કેશવલાલ ચૌધરી | એન્જી.પાવડર |
| ૧૦ | ૩૪૭૦ | શ્રી. વસંતકુમાર પ્રહલાદભાઈ નાયી | એસ.સી.એમ |
| ૧૧ | ૩૩૯૪ | શ્રી. શૈલેષકુમાર ખેંગારભાઈ માલવીયા | એન્જીનીયરીંગ |
| ૧૨ | ૪૧૭૨ | શ્રી. રાજેશભાઈ હરીભાઈ ચૌધરી | વિસનગર (ખેરાલુ) |
| ૧૩ | ૪૬૮૪ | શ્રી. વશરામભાઈ ગાંડાભાઈ ભરવાડ | હારીજ |
| ૧૪ | ૪૫૩૧ | શ્રી. પ્રકાશભાઈ વિરસંગભાઈ ચૌધરી | ઉબખલ |
| ૧૫ | ૩૬૯૧ | શ્રીમતી. જ્યોત્સનાબેન રમણભાઈ પટેલ | વિહાર |
| ૧૬ | ૧૨૦૯૯ | શ્રી. અશોકકુમાર ફુલજીભાઈ ચૌધરી | માનેસર |
| ૧૭ | ૮૪૨૬ | શ્રીમતી. રાગીણાબેન હરેશકુમાર ચૌધરી | ધારૂહેડા |



### માત્ર વહિવટ નથી બદલાયો : વાતાવરણ પણ બદલાયું છે

# પ્રવાસ ટેન્કર નો અભ્યાસ પશુપાલકોના પરસેવાનો







(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

ગત ૧૯ ઓગષ્ટની વહેલી સવાર બદલાયેલી દૂધસાગરના નવા સૂર્યોદયની-નવી કાર્યશૈલીની અને "જ્યાં જ્યાં દૂધ-ત્યાં ત્યાં દૂધસાગર" ની સાક્ષી બની!

દૂધસાગરના MD શ્રી.ધીરજકુમાર ચૌધરી સાથે અમૂલ ફેડરેશનના CEO શ્રી.જયેન મહેતા સાથે દૂધસાગર ડેરીના ૯૭ ઉચ્ચ અધિકારીઓ દૂધસાગરના ટેન્કરોમાં બેસી ૯૭ રૂટની ૭૩૦ દૂધમંડળીઓની જમીની સ્થળની હકીકત જાણવા ઉત્સાહ અને ઉમંગ સાથે નીકળ્યા ત્યારે કર્મયજ્ઞની સુવાસથી દૂધસાગરની ભૂમી સુવાસીત બની ગઈ.

દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી સાથે નવા નિયામક મંડળની દીર્ઘદ્રષ્ટિ અને દૂધસાગર માટે કંઈક કરી છૂટવાની ભાવના રંગ લાવી રહી છે. દૂધસાગરના તમામ કર્મચારીઓ અને પશુપાલકો વચ્ચે ભાવનાત્મક સબંધ સ્થાપિત થાય અને દૂધસાગર માત્ર એક સંસ્થા તરીકે નહીં પણ, એક પરિવાર બનીને કામ કરે તેવી ઉચ્ચ ભાવના સાથે ૧૯ મી ઓગષ્ટની વહેલી સવારે દૂધસાગર ડેરીના ૯૭ અધિકારીઓ દૂધના ટેન્કરોમાં બેસી તેમને ફાળવવામાં આવેલા અલગ-અલગ ૯૭ રૂટ પરની ૭૩૦ દૂધ સાગર સાથે સંકળાયેલી મંડળીઓની મુલાકાતે રવાના થયા. આજ પ્રકારે-એજ સવારે-એજ સમયે કડી, વિહાર, પાટણ વગેરે વિવિધ શીતકેન્દ્રો પરથી પણ અધિકારીઓ અગાઉની સૂચના પ્રમાણે દૂધના વાહનોમાં બેસી સમગ્ર દિવસ માટે ગામડાઓની દૂધ મંડળીઓની જમીની હકીકત સમજવા પહોંચ્યા હતા.

**આજે ખરા અર્થમાં ઉત્તર ગુજરાતની પવિત્ર ગંગા જેવી દૂધસાગર ડેરી ગામડાંના લોકો સુધી પહોંચવા પામી છે.**

સ્પેશ્યલ ઓપરેશન-ના રૂપમાં વિવિધ ગામોની દૂધ મંડળીઓ ઉપર પહોંચેલા આ અધિકારીઓએ સ્થાનિક દૂધ મંડળીઓની સાફ-સફાઈ અને સ્વચ્છતાનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્થાનિક દૂધમંડળીઓના પ્રમુખ, મંત્રી અને દૂધ ભરાવતા ગ્રાહકો સાથે "ONE TO ONE" બેઠકો કરી તેમના અભિપ્રાયો લીધા હતા. આ દરમિયાન તેમની સમસ્યાઓની જાણકારી પ્રાપ્ત કરી સ્થળ પર જ અમૂક સમસ્યાઓના ઉકેલ માટે જવાબદાર વ્યક્તિને સૂચનો કરી નિરાકરણ કર્યું હતું. દૂધ ઉત્પાદક માટે દૂધસાગર કઈ રીતે-કેટલા પ્રમાણમાં મદદરૂપ થઈ શકે? આ પ્રવાસ દરમ્યાન આ પ્રશ્નને મહત્વ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ગામડાઓની સ્થાનિક દુકાનો, પાર્લરો, પ્રાઈવેટ દૂધની ડેરીઓ અને દૂધના ગ્રાહકો સાથે મુલાકાત કરી પ્રાઈવેટ ડેરીઓ અને દૂધસાગર ડેરી વચ્ચેનો તુલનાત્મક અભ્યાસ કરી તેનો સુવ્યવસ્થિત રીપોર્ટ ટોપ મેનેજમેન્ટને પહોંચતો કર્યા હોવાના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે.

આ અંગે વધુ પ્રકાશ પાડતાં દૂધસાગરના વર્તમાન MD શ્રી. ધીરજકુમાર ચૌધરીએ "દૂધસાગર પત્રિકા" સાથે વાત કરતાં જણાવ્યું કે ; આ મુલાકાતના આધાર પર અભ્યાસ કરી આવનાર સમયમાં દૂધસાગરની દીશા અને વિકાસની કેડી કંડારવામાં આવશે. છેલ્લા દશ વર્ષમાં આ વિસ્તારના પશુપાલકોને દૂધના ભાવ આપવાની બાબતમાં ઉપેક્ષા કરવામાં આવી હોય તેવું વાતાવરણ ઉભું થવાના પરિણામે દૂધસાગરથી સ્થાનિક દૂધઉત્પાદકો દૂર થવા પામ્યા છે. પણ દૂધસાગરના નવા વહિવટીય સુકાનીઓનો હકારાત્મક દ્રષ્ટિકોણ અમને દૂધસાગરનો વહિવટ કરવા માટે પ્રેરકબળ પૂરો પાડી રહ્યો છે. આ સર્વે દરમ્યાન અધિકારીઓ ગામડાની સાચી પરિસ્થિતિથી વાકેફ થયા છે અને મંડળી તથા ગામમાં ફરીને સર્વે કરતાં જાણવા મળ્યું છે કે, છેલ્લા દશકામાં આપણા મિલ્કશેડ એરિયામાં આખા ગુજરાત કરતાં વધારે ખાનગી ડેરીઓનો પ્રવેશ થઈ ચુક્યો છે. દૂધસાગરનો મૂળ દૂધ ઉત્પાદક આ સંસ્થા તરફ ઉદાસીન બન્યો છે તેને પરત લાવવાના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવશે. અમે જાણીએ છીએ કે અમારા માટે આ એક મોટી ચેલેન્જ છે પણ આફતને અવસરમાં પલટવા માટે દૂધસાગર તંત્ર તમામ પ્રયત્નો કરી ભવ્ય ભૂતકાળને ફરી જીવંત કરશે. આજે ખરા અર્થમાં ઉત્તર ગુજરાતની પવિત્ર ગંગા જેવી દૂધસાગર ડેરી ગામડાંના લોકો સુધી પહોંચવા પામી છે.

નોંધનીય છે કે હવે દૂધસાગરના વિવિધ પેચ્યુરાઈઝડ ઉત્પાદનોનું ગામડાઓમાં દૂધમંડળીઓ વેચાણ કરે તેને પ્રાર્થમિકતા આપવામાં આવશે. અને જો મંડળીથી શક્ય ન બને તો તેની સલાહ મુજબ જ ખાનગી વ્યક્તિને દૂધસાગર પ્રોડક્ટ વેચવાની મંજૂરી અપાશે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા